# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-06-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળ

ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતના મજબૂત વલણને વ્યક્ત કરવા માટે તાજેતરમાં વિવિધ દેશોની મુલાકાત લેનારા સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોના સભ્યોનું ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાગત કર્યું.

આ પ્રતિનિધિમંડળોમાં વિવિધ પક્ષોના સાંસદો, ભૂતપૂર્વ સાંસદો અને પ્રતિષ્ઠિત રાજદ્વારીઓનો સમાવેશ થતો હતો. તેમણે વિવિધ દેશોની મુલાકાતો દરમિયાન આતંકવાદ સામે ભારતના વલણ અને વિશ્વ શાંતિ પ્રત્યે નવી દિલ્હીની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો. પાકિસ્તાનને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે ભારતના રાજદ્વારી સંપર્કના ભાગ રૂપે, પ્રતિનિધિમંડળોએ 33 દેશોની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------------------------

## નમો એપ પર જનમન સરવે

મોદી સરકારના 11 વર્ષ પૂર્ણ થવા બદલ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા નમો ઍપ પર જનમન સરવે શરૂ કરાયો છે. પહેલા જ દિવસે આ સરવે માટે દેશભરમાંથી પાંચ લાખથી વધુ લોકોની પ્રતિક્રિયા મળી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ગત 11 વર્ષમાં ભારતની વિકાસયાત્રાના સરવેમાં જોડાવવા આગ્રહ કર્યો હતો. સરવે લોકોને સરકાર સાથે પોતાની પ્રતિક્રિયા અને મંતવ્ય સીધા જ રજૂ કરવાનું મંચ પૂરું પાડે છે. આ સરવે એ સુનિશ્ચિત કરે છે કે, ભવિષ્યની નીતિઓ બનાવતા વખતે લોકોનો અવાજ સાંભળવો જોઈએ.

---------------------------------------------------------------------------------------

## સરકારના 11 વર્ષ પૂર્ણ – BJP પ્રેસ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાત સૌથી વધુ રોજગારી આપતુ રાજ્ય બન્યુ છે. **NDA**ની કેન્દ્ર સરકારના 11 વર્ષ પૂર્ણ થવા અંગે ગાંધીનગર કમલમ ખાતે યોજાયેલી ભાજપની પત્રકાર પરિષદમાં શ્રી પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રીનો 11 વર્ષનો કાર્યકાળ 140 કરોડ દેશવાસી માટે વિકાસનો દાયકો બન્યો છે. રાજ્યમાં આજે દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે, તેમ પમ તેમણે કહ્યું હતું.

દરમિયાન ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે કહ્યું, 25 કરોડ લોકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર ગરીબી રેખાથી બહાર લાવવા સફળ થઇ છે. શ્રી પાટીલે જણાવ્યું ઓપરેશન સિંદુર થકી ભારતે વિશ્વને સંદેશ આપ્યો છે કે ભારત ફકત વિકસિત નથી થયુ પરંતુ ભારત સ્વતંત્ર રીતે પોતાનો બચાવ કરવા પોતાના જ દેશમાં નિર્માણ થયેલા શસ્ત્રો સાથે દુશ્મનોને જવાબ આપી શકે છે.

આ કાર્યક્રમમાં  11 વર્ષના કાર્યકાળના હિસાબની માહિતી આપવામાં આવી હતી. પત્રકાર પરિષદ બાદ સંકલ્પથી સિદ્ધી અંતર્ગત 11 વર્ષના કાર્યકાળની ઝાંખી દર્શાવતી પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------

## ગ્રામ પંચાયત ચૂંટણી

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની ગઇકાલે ચકાસણી કરવામાં આવી હતી.

કચ્છમાં આગામી 22 જૂને યોજાનાર 407 ગ્રામ પંચાયતની ચૂંટણીનો માહોલ ઘડાઈ રહ્યો છે. ફોર્મ ભરવાના આખરી દિવસે ગઈકાલે ગ્રામીણો ઉમેદવારોના સમર્થનમાં ફોર્મ ભરવાના સ્થળે ઉમટી પડ્યા હતા. જિલ્લામાં સરપંચ પદ માટે 200 અને અને સભ્યપદ માટે 700 જેટલા ફોર્મ વહીવટી કચેરીએ રજૂ કરાયા છે. આ તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવી હતી અને આજે ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. ત્યારબાદ મેદાનમાં કેટલા ઉમેદવારો વચ્ચે

જંગ જામશે તે સ્પષ્ટ થશે. મતદાન બાદ 166 ગ્રામ પંચાયતને વહીવટ દાર શાસનથી મુક્તિ મળશે.

---------------------------------------------------------------------------------

## દિલ્હી મીડિયા પ્રતિનિધિ મંડળ ગુજરાત પ્રવાસે

કેન્દ્ર સરકારના 11 વર્ષેની સિદ્ધિ અંતર્ગત દિલ્હીથી મીડિયા પ્રતિનિધિમંડળ ગુજરાતની મુલાકાતે છે.  આ પ્રતિનિધિ મંડળે ગકાઇલે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધી. જેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતેથી કરાતી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અંગે વિભાગના અગ્ર સચિવ રમેશચંદ મીનાએ વધુ માહિતી **મેળવી હતી**.

---------------------------------------------------------------------------------

## કોરોના

કોરોનાના સંક્રમણને અટકાવવા રાજ્યમાં આરોગ્ય અધિકારી અને કર્મચારીઓ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સાથે નાગરિકોને સાવચેતી રાખવા પણ જણાવવામાં આવી રહ્યું છે.

કચ્છમાં ગઇકાલે કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે. જેમાં 3 કેસ મુન્દ્રા વિસ્તાર તેમજ બે કેસ ભુજ શહેરમાં નોંધાયા છે. આ તમામને હોમ આઇસોલેશનમાં રાખવામાં આવ્યા હોવાનું આરોગ્ય તંત્રે જણાવ્યું છે. આ સાથે જીલ્લામાં કોવીડ-૧૯ ના સક્રિય કેસોની સંખ્યા ૨૧ થઇ છે.

---------------------------------------------------------------------------------

## લોકરક્ષક દળ પરીક્ષા

રાજ્યમાં આગામી 15 જૂને યોજાનારી લોકરક્ષક દળની પરીક્ષા માટે વધારાની **S.T.** બસનું સંચાલન કરાશે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું, ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા અમદાવાદ, વડોદરા,

સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં પરીક્ષા કેન્દ્ર પર આ પરીક્ષા યોજાશે. પરીક્ષા આપનારા બે લાખ 48 હજાર જેટલા ઉમેદવારો માટે વધારાની બસ દોડાવાશે.

---

## રથયાત્રા

અમદાવાદના ભગવાન જગન્નાથ મંદિરમાં યોજાનાર રથયાત્રા પહેલા આજે જળ યાત્રા મહોત્સવ યોજાશે. અમદાવાદના યોજાનારી રથયાત્રાને લઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ગઇકાલે બેઠક યોજાઇ હતી.

---